
3

ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્ય





- પ્રાચીન ભારતનું નગર આયોજન
- મૌર્યકાલીન કલા
- સ્તંભલેખો
- શિલાલેખ
- ગુપ્તકાલીન કલા
- ગુજરાતની ગુફાઓ
- મધ્યકાલીન સ્થાપત્ય
- ગુજરાતીની સ્થાપત્યકલા

1. શિલ્પકલા અને સ્થાપત્ય એટલે શું ?

શિલ્પકલા

- કુશળ શિલ્પી પોતાના મનમાં જાગતા વિવિધ ભાવોને છીણી-હથોડી વડે પથ્થર, લાકડું કે ધાતુને કંડારીને જે આકાર તૈયાર કરે તેને 'શિલ્પ' કહેવામાં આવે છે. આમ, આકાર બનાવવાની કલા 'શિલ્પકલા' કહેવાય છે.

સ્થાપત્ય

- મકાનો, નગરો, કૂવાઓ, કિલ્લાઓ, મિનારા, મંદિરો, મકબરાઓ, સ્મારકો, સ્તંભો વગેરેના બાંધકામને 'સ્થાપત્ય' કહે છે.

2. પ્રાચીન ભારતનું નગર-આયોજન સમજાવો.

- પ્રાચીન ભારતનાં નગરોના મુખ્ય ત્રણ વિભાગો પડે છે : (1) શાસક અધિકારીઓનો ગઢ (સિટડલ), (2) અન્ય અધિકારીઓના આવાસો ધરાવતું ઉપલું નગર અને (3) સામાન્ય નગરજનોના આવાસો ધરાવતું નીચલું નગર.

પ્રાચીન ભારતનાં નગરોની વિશેષતાઓ

- શાસક અધિકારીઓનો ગઢ ઊંચાઇ ઉપર બાંધવામાં આવ્યો છે.
- અન્ય અધિકારીઓના ઉપલા નગરને રક્ષણાત્મક દીવાલોથી સુરક્ષિત બનાવેલું છે. આ નગરમાંથી બે-પાંચ ઓરડાવાળા મકાનો મળી આવ્યાં છે.
- સામાન્ય નગરજનોના નીચલા નગરનાં મકાનો મુખ્યત્વે હાથે ઘડેલી ઈંટોના બનાવેલાં છે.

3. મોહેં-જો-દડોની નગરરચના સમજાવો.

- નદીના પૂર કે ભેજથી બચવા માટે લોકો પોતાના મકાનો ઊંચી પ્લિંથ (પીઠિકા) ઉપર બાંધતા.
- શ્રીમંતોના મકાનો બે માળના અને પાંચ-સાત ઓરડાવાળાં હતાં; જ્યારે સામાન્ય વર્ગના લોકોના મકાનો એક માળનાં અને બે-ત્રણ ઓરડાવાળાં હતાં.
- આખા નગરની ચારે બાજુ દીવાલ બાંધવામાં આવી હતી.
- મકાનોના દરવાજા જાહેર રસ્તા પર પડવાને બદલે અંદરની બાજુ શેરી કે ગલીમાં પડતા.
- મકાનમાં હવા-ઉજાસ માટે બારી-બારણાંની વ્યવસ્થા હતી.
- દરેક મકાનમાં કોઠાર, રસોડું અને સ્નાનગૃહ હોવાના અવશેષો મળ્યા હતા.
- ખરેખર, મોહેં-જો-દડો નગર આયોજનની દૃષ્ટિએ શ્રેષ્ઠ નગર હતું.



4. મોહેં-જો-દડોની નગરરચનામાં રસ્તાઓ અને ગટર યોજના વિશે માહિતી આપો.


રસ્તાઓ

- રસ્તાઓ 9.75 મીટર જેટલા પહોળા હતા.
- નાના રસ્તાઓ મોટા રસ્તાઓને કાટખૂણે મળતા હતા અને એકથી વધારે વાહનો પસાર થઇ શકે એટલા તે પહોળા હતા.
- રસ્તાઓની બાજુમાં ચોક્કસ અંતરે આવેલા એકસરખા ખાડા રાત્રિપ્રકાશ માટે વપરાતા થાંભલાઓના હોવાનું મનાય છે.
- રાજમાર્ગો પહોળા અને સીધા હતા. તેમાં ક્યાંય વળાંકો આવતા નહિ.
- બે મુખ્ય રાજમાર્ગો હતા. એક રાજમાર્ગ ઉત્તરથી દક્ષિણ અને બીજો રાજમાર્ગ પૂર્વથી પશ્ચિમ તરફ જતો હતો. બંને રાજમાર્ગો મધ્યમાં એકબીજાને કાટખૂણે છેદતા હતા.



ગટર યોજના


- મોહેં-જો-દડોની ગટર યોજના એ હડપ્પીય સંસ્કૃતિના નગર આયોજનની આગવી વિશિષ્ટતા હતી.
- પ્રાચીન સમયમાં આ ગટર યોજના જેવી ગટર યોજના ભૂમધ્ય સમુદ્રમાં આવેલા ક્રીટ ટાપુ સિવાય બીજે ક્યાંય નહોતી.
- નગરમાંથી ગંદા પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવી હતી.
- મોહેં-જો-દડોના દરેક મકાનમાં ખાળકૂવો હતો. તે નાની ગટર દ્વારા શહેરની મોટી ગટર સાથે જોડાયેલો હતો.
- ખાળકૂવામાં અમુક હદ સુધી પાણી ભરાય એટલે તેનું પાણી આપોઆપ નાની ગટરમાંથી મોટી ગટરમાં ચાલ્યું જતું.
- આવી સુંદર ગટર યોજના પરથી સ્પષ્ટ થાય છે કે તે સમયે સુધરાઇ જેવી કોઇ કાર્યક્ષમ વ્યવસ્થા હશે.
- ગટરોની આ સુંદર રચના શહેરના લોકોની આરોગ્ય અને સ્વચ્છતા જાળવવાની દૃષ્ટિનો ઉત્તમ નમૂનો છે.



5. મોહેં-જો-દડોના જાહેર સ્નાનાગાર અને જાહેર મકાનોની માહિતી આપો.

જાહેર સ્નાનાગાર

- હડપ્પીય સંસ્કૃતિના લોકોએ જાહેર સ્નાનાગાર બાંધેલા હતા.
- સ્નાનાગારમાં સ્વચ્છ પાણી દાખલ કરવા માટેની અને ગંદા પાણીને બહાર કાઢવાની વ્યવસ્થા હતી.
- સ્નાનાગારમાં ગરમ પાણીની વ્યવસ્થા હોવાનું મનાય છે.
- સ્નાનાગારના ચારે બાજુ કપડાં બદલવા માટેની ઓરડીઓ છે. ધાર્મિક પ્રસંગો અને જાહેર ઉત્સવોએ લોકો સમૂહસ્નાન કરી શકે એ આશયથી આવું સ્નાનાગાર બાંધવામાં આવ્યું હશે, એમ માનવામાં આવે છે.






જાહેર મકાન

- જાહેર ઉપયોગમાં આવે તેવાં ટાઉનહોલ જેવાં બે વિશાળ મકાનો મોહેં-જો-દડો નગરમાંથી મળી આવ્યાં છે.
- આ મકાનોનો ઉપયોગ સભાખંડ, મનોરંજન ખંડ, વહીવટી ખંડ કે રાજ્યના કોઠાર ખંડ તરીકે થતો હશે એવું માનવામાં આવે છે.
- મોહેં-જો-દડોમાંથી 20 મકાનોની એક સળંગ સૈનિક બૅરેક પણ મળી આવી છે.

6. પ્રાચીન ભારતના એક નગર હડપ્પાનો પરિચય આપો.






- ઈ. સ. 1921માં સર જ્હૉન માર્શલ અને કર્નલ મૅકેના નેતૃત્વ હેઠળ દયારામ સહાની નામના ભારતીય પુરાતત્ત્વવિદને પંજાબમાં મોન્ટેગોમરી જિલ્લામાં આવેલા હડપ્પા પાસેથી ખોદકામ દરમિયાન ભારતીય નગર-સભ્યતાના અતિપ્રાચીન અવશેષો મળી આવ્યા હતા.
- સિંધુખીણની સંસ્કૃતિના અવશેષો સૌપ્રથમ હડપ્પા સ્થળેથી મળી આવ્યા હતા. તેથી તેને હડપ્પીય સંસ્કૃતિ પણ કહે છે.
- હડપ્પા પાસેથી પાષાણ અને તાંબાના ઓજારો અને અન્ય ચીજવસ્તુઓ મળી આવ્યાં છે. તેથી હડપ્પીય સંસ્કૃતિને તામ્ર-પાષાણ યુગની સંસ્કૃતિ પણ કહે છે.
- હડપ્પીય સમયની નગરરચના વ્યવસ્થિત અને આયોજનપૂર્વકની હતી.
- અહીંથી મળેલા મોટા કોઠારો અને કિલ્લાઓ ખૂબ નોંધપાત્ર છે.
- હડપ્પીય સંસ્કૃતિના લોકો અલંકારો પહેરવાના શોખીન હશે, તેવા પુરાવા અહીંથી મળ્યા છે.

7. ધોળાવીરા વિશે માહિતી આપો.


- ધોળાવીરા ભુજથી લગભગ 140 કિલોમીટર દૂર ભચાઉ તાલુકાના મોટા રણના ખદીર બેટમાં આવેલું છે.
- તે હડપ્પાનગરનું સમકાલીન મોટું અને વ્યવસ્થિત નગર છે.
- ગુજરાત રાજ્યના પુરાતત્વ ખાતાએ અહીંના ટીંબાનું સર્વેક્ષણ કર્યું હતું. તે પછી આર્કિયોલૉજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના અધિકારીઓએ અહીં સંશોધન કર્યું હતું. ત્યાર પછી ઈ. સ. 1990માં પુરાતત્ત્વવિદ રવીન્દ્રસિંહ બિસ્તના માર્ગદર્શન હેઠળ અહીં વિશેષ ખોદકામ કરવામાં આવ્યું હતું.



- ધોળાવીરાનો મહેલ, કિલ્લા અને તેની દીવાલોને સફેદ રંગ કરવામાં આવ્યો હશે તેના અવશેષો અહીંથી મળ્યા છે.
- નગરની કિલ્લેબંધી ખૂબ મજબૂત અને સુરક્ષાની દૃષ્ટિએ રક્ષણાત્મક દીવાલોવાળી છે. આ દીવાલો બનાવવામાં પથ્થર, ઈંટો અને માટીનો ઉપયોગ થયેલો છે.
- નગરમાં પીવાનું પાણી ગળાઈને શુદ્ધ બનીને આવે તેવી વ્યવસ્થા હતી. પાણીના શુદ્ધીકરણની આ વ્યવસ્થા અદ્ભુત છે.

8. લોથલ ભારતનું અગત્યનું બંદર હતું. સમજાવો.

- લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં ભોગાવો અને સાબરમતી નદીઓની વચ્ચેના પ્રદેશમાં આવેલું છે.
- લોથલ ખંભાતના અખાતથી 18 કિલોમીટર દૂર છે.
- લોથલનાં મકાનોમાં ઉપરાઉપરી ત્રણ થર મળ્યા છે.
- લોથલના પૂર્વ છેડે નીચાણવાળા ભાગમાંથી ભરતીના સમયે વહાણ લાંગરવા માટેનો એક મોટો ધક્કો - ગોદી (ડોકયાર્ડ) મળી આવ્યો છે. આ ધક્કામાં - ગોદીમાં વહાણ સ્થિર રાખીને માલ ચડાવવા-ઉતારવામાં આવતો.



- ગોદામોમાં - વખારોમાં પરદેશ મોકલવા માટેની અને પરદેશથી આવતી ચીજવસ્તુઓ રાખવામાં આવતી હતી.
- લોથલ એ સમયે સિંધુખીણની સંસ્કૃતિનું એક સમૃદ્ધ શહેર, અગત્યનું બંદર અને વેપારીમથક હતું.

9. સ્તૂપ એટલે શું ? સમ્રાટ અશોકના સમયના ક્યાં પાંચ સ્તૂપો જાણીતા છે ? મૌર્યયુગ દરમિયાન કઈ સ્થાપત્યકલાનો વિકાસ થયો હતો ?

સ્તૂપ

- સ્તૂપ એટલે ભગવાન બુદ્ધના દેહાવશેષોને એક પાત્રમાં મૂકી તેના પર બનાવવામાં આવતી અર્ધગોળાકાર ઇમારતો.

સમ્રાટ અશોકના સમયના જાણીતા પાંચ સ્તૂપો

1. સાંચીનો સ્તૂપ
2. સારનાથનો ધર્મરાજિકા સ્તૂપ
3. બૈરતનો સ્તૂપ
4. લોરિયા પાસે આવેલો નંદનગઢનો સ્તૂપ
5. ગુજરાતમાં દેવની મોરીનો સ્તૂપ

મૌર્યયુગ દરમિયાન થયેલ સ્થાપત્યકલા


- મૌર્યયુગ દરમિયાન ભારતમાં બૌદ્ધ ધર્મના સ્તૂપો, વિહારો, ચૈત્યો, સ્તંભાલેખો અને શિલાલેખોની સ્થાપત્યકલાનો વિકાસ થયો હતો.

10. સાંચીના સ્તૂપ વિશે માહિતી આપો.



- મૌર્ય યુગમાં રચાયેલ સાંચીનો સ્તૂપ મધ્યપ્રદેશમાં આવેલ છે.
- સાંચીનો અસલ સ્તૂપ ઈંટોનો બનાવેલો હતો.
- તે હાલના સ્તૂપ કરતાં કદમાં અડધો હતો.
- આ બૌદ્ધ સ્તૂપ સ્થાપત્યકલાનો અમૂલ્ય વારસો અને નમૂનો છે.

11. સ્તંભલેખો પરની કલા વિશે માહિતી આપો.



- મૌર્યસમ્રાટ અશોકે ધર્મના પ્રચાર માટે 'ધર્માજ્ઞાઓ' કોતરેલા, શિલ્પના ઉત્તમ નમૂનારૂપ સ્તંભલેખો ઊભા કરાવ્યા હતા.
- આ સ્તંભો સળંગ એક જ પથ્થરમાંથી બનાવેલા છે.
- તે બ્રાહ્મી લિપિમાં કોતરેલા છે.
- એક જ પથ્થરમાંથી કોતરીને, ઘસી ઘસીને, ચળકાટ આપવામાં આવતો હતો.
- સમ્રાટ અશોકના સ્તંભલેખોમાં અંબાલા, મેરઠ, અલાહાબાદ, સરનાથ, લૌરિયા પાસે નંદનગઢ (બિહાર), સાંચી (મધ્ય પ્રદેશ), કાશી, પટના, બુદ્ધગયા વગેરે સ્થળોના સ્તંભો મુખ્ય છે.

સારનાથનો સ્તંભ

- અશોકના શિલાસ્તંભો પૈકી સારનાથનો શિલાસ્તંભ શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.
- આ સ્તંભની ટોચ ઉપર પરસ્પર અડકીને ઉભેલા ચાર સિંહોની આકૃતિ છે.
- સારનાથ એ ભગવાન બુદ્ધના ઉપદેશનું સૌપ્રથમ સ્થળ છે. તેથી તે સિંહોની નીચે ચારે બાજુ ચાર ધર્મચક્રો અંકિત કરેલા છે. આ ઉપરાંત તેમાં હાથી, ઘોડો કે બળદની આકૃતિઓ પણ છે.
- આ ધર્મચક્રને ભારતના રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપવામાં આવ્યું છે અને ચાર સિંહોની આકૃતિને રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.




12. શિલાલેખો વિશે માહિતી આપો.



- સમ્રાટ અશોકે કાષ્ઠ અને પાષાણમાં ધર્માજ્ઞાઓ કોતરાવીને ઊભા કરાવેલા શિલાલેખો સ્થાપત્યકલાના ઉત્તમ નમૂનાઓ છે.
- આ શિલાલેખોની આજુબાજુ લાકડા અને પથ્થરની વાડ બનાવી તેમના દરવાજા પર સુંદર તોરણો કોતરાવ્યાં છે.
- પેશાવર, દહેરાદૂન, થાણા, મુંબઈ, ધૌલી અને જૌગડા(ઓડિશા) તથા ચેન્નઈ વગેરે સ્થળોએ આવેલા શિલાલેખો મુખ્ય છે.
- ગુજરાતમાં જૂનાગઢમાં ગિરનાર પર્વત તરફ જતાં રસ્તામાં (તળેટીમાં) અશોકનો શિલાલેખ આવેલો છે.

13. દ્રવિડ શૈલી વિશે ટૂંકમાં માહિતી આપો.






- દક્ષિણ ભારતની સ્થાપત્ય શૈલી 'દ્રવિડ શૈલી' તરીકે ઓળખાય છે.
- સાતવાહન રાજાઓના સમય દરમિયાન કૃષ્ણા અને ગોદાવરી નદીઓની આજુબાજુના વિસ્તારમાં દ્રવિડ શૈલીના અનેક સ્તૂપો બંધાયા હતા.
- આ સ્તૂપો અર્ધગોળાકાર સ્વરૂપના છે.
- તેમની ટોચ અંડાકાર કે ઘંટાકાર છે.
- નાગાર્જુન કોંડાનો સ્તૂપ અને અમરાવતીનો સ્તૂપ દ્રવિડ શૈલીના સર્વશ્રેષ્ઠ નમૂનાઓ છે.
- ચૌલ રાજાઓએ દ્રવિડ શૈલીની સ્થાપત્યકલાને ઉચ્ચ કક્ષાએ પહોંચાડી હતી.

14. ગુપ્તયુગ ભારતીય કલાનો સુવર્ણયુગ શાથી કહેવાય છે ?


- ગુપ્તયુગ દરમિયાન ભારતમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નાટ્ય, નૃત્ય, સંગીત, કોતરકામ વગેરે કલાઓના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઇ હતી.
- જબલપુર (નિનાવા)નું પાર્વતી મંદિર અને ભૂમરા(નાગોડા)નું શિવમંદિર, એરણ(મધ્યપ્રદેશ)નું નૃસિંહ મંદિર, જામનગરનું ગોપમંદિર વગેરે ગુપ્તયુગની સ્થાપત્યકલાના પ્રસિદ્ધ મંદિરો છે.





- આ ઉપરાંત ગુપ્તકાલીન સ્તૂપો, વિહારો, ચૈત્યો, મઠો, સ્તંભો, ધ્વજ વગેરે સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના છે.
- સારનાથની ભગવાન બુદ્ધની પ્રતિમાઓ, મથુરાની વિષ્ણુ અને મહાવીર સ્વામીની પ્રતિમાઓ, ઉદયગિરિની ગુફાની વિષ્ણુના વરાહ સ્વરૂપની પ્રતિમા વગેરે આ સમયની ભારતીય શિલ્પકલાના સર્વોત્તમ નમૂના છે.
- આમ, ગુપ્તયુગ દરમિયાન ભારતમાં શિલ્પ-સ્થાપત્યકલા ક્ષેત્રે અપૂર્વ વિકાસ થયો હતો. આથી ગુપ્તયુગ ભારતીય કલાનો સુવર્ણયુગ કહેવાય છે.

15. ગુપ્તકાલીન ગુફા-સ્થાપત્યો વિશે માહિતી આપો.



અજંતા-ઈલોરાની ગુફાઓ


ઍલિફન્ટા ગુફાઓ

- ગુપ્તકાલીન ગુફા-સ્થાપત્યો મનુષ્યે બનાવેલાં સૌંદર્યધામો ગણાય છે.
- મહારાષ્ટ્રમાં ઔરંગાબાદ પાસે આવેલી અજંતા-ઈલોરાની ગુફાઓ, મુંબઈમાં અરબ સાગર પાસે આવેલી ઍલિફન્ટાની ગુફાઓ, ઓડિશામાં ભુવનેશ્વરની પશ્ચિમે આવેલી ઉદયગિરિ, ખંડગિરિ અને નિલગિરિની ગુફાઓ, બાઘની ગુફાઓ વગેરે ગુપ્તકાલીન ગુફા-સ્થાપત્યના અજોડ અને પ્રસિદ્ધ નમૂનાઓ છે.
- ગુજરાતમાં ખંભાલીડા (ગોંડલ), ઢાંક (રાજકોટ), ઉપરકોટ (જૂનાગઢ) ખાતે ગુફાઓ આવેલી છે. આ ઉપરાંત, તળાજા, સાણા વગેરે સ્થળેથી ગુફાઓ મળી આવી છે.
- અસમની દાર્જિલિંગની ગુફા તેમજ બિહારની સુદામા અને સીતાની ગુફા એ પ્રખ્યાત ગુફા-સ્થાપત્ય છે.
- અશોકના ગુફાલેખો બિહારમાં ગયાથી 16 માઈલ દૂર આવેલા બર્બરના પહાડની ત્રણ ગુફાઓની દીવાલો પર કોતરાયેલા છે. આ ગુફાલેખોમાં સમ્રાટ અશોકે પોતાના જીવન દરમિયાન કરેલાં દાનકાર્યોની વિગતો દર્શાવી છે.











16. ગુજરાતની ગુફાઓ વિશે ચર્ચા કરો.

જૂનાગઢ ગુફાઓ

- જૂનાગઢમાં ત્રણ ગુફાસમૂહ આવેલા છે.

1 બાવાપ્યારાનો ગુફાસમૂહ

- આ ગુફાઓ બાવાપ્યારાના મઠ પાસે આવેલી છે.
- તે ત્રણ હરોળમાં ગોઠવાયેલી છે, તેમજ એકબીજી સાથે કાટખૂણે જોડાયેલી છે.
- પહેલી હરોળમાં ચાર, બીજી હરોળમાં સાત અને ત્રીજી હરોળમાં પાંચ એમ અહીં કુલ 16 ગુફાઓ છે.
- તે ઈ.સ. ની શરૂઆતની એક-બે સદી દરમિયાન કંડારેલી હોવાની શક્યતા છે.

2 ઉપરકોટની ગુફાઓ

- આ ગુફાઓ બે માળની છે. ઉપરના માળ પર જવા માટે પગથિયાં છે.
- ઈ.સ. બીજી સદીના ઉત્તરાર્ધથી ચોથી સદીના પૂર્વાર્ધ સુધીમાં કંડારેલી હોવાનું જણાય છે.

3 ખાપરા-કોડિયાની ગુફાઓ અને કુંડ ઉપરની ગુફાઓ

- આ ગુફાઓ ખંડેર હાલતમાં છે. અહીંથી મળેલા અવશેષો પરથી જણાય છે કે તે મજલાવાળી હશે.
- અહીં કુલ 20 સ્તંભ છે.
- આ ગુફાઓ ઈ. સ. ત્રીજી સદીમાં કંડારેલી હોવાની શક્યતા છે.

ખંભાલીડા ગુફાઓ


- રાજકોટથી 70 કિલોમીટર દૂર ગોંડલ પાસે ખંભાલીડામાં આવેલી છે. તે ઈ.સ. 1959માં શોધાઈ હતી.
- તેમાં ત્રણ ગુફાઓ નોંધપાત્ર છે. વચ્ચેની ગુફામાં સ્તૂપવાળો ચૈત્યગૃહ, ગુફાના પ્રવેશમાર્ગોની બંને બાજુ વૃક્ષને આશ્રયે ઊભેલા બોધિસત્વ(ભગવાન બુદ્ધ) અને કેટલાક ઉપાસકોની મોટી આકૃતિઓ છે.
- આ બધા સ્થાપત્યો ઈ.સ.ની બીજી સદીનાં છે.

તળાજા ગુફાઓ

- ભાવનગર જિલ્લામાં શેત્રુંજી નદીના મુખ પાસે તળાજાનો ડુંગર આવેલો છે.
- તે ‘તાલધ્વજગિરિ’ તીર્થધામ તરીકે પ્રખ્યાત છે.
- અહીં પથ્થરો કોતરીને 30 ગુફાઓ બનાવવામાં આવી છે.
- આ ગુફાઓની સ્થાપત્યકલામાં વિશાળ દરવાજો મુખ્ય છે. બૌદ્ધ ધર્મનાં સ્થાપત્યોની આ ગુફાઓ ઈ.સ.ની ત્રીજી સદીની છે.

સાણા ગુફાઓ

- આ ગુફાઓ ગીરસોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વાંકિયા ગામ પાસે રૂપેણ નદી ઉપર સાણાના ડુંગરો ઉપર આવેલી છે.
- અહીં મધપુડાની જેમ 62 જેટલી ગુફાઓ પથરાયેલી છે.




ઢાંક ગુફાઓ

- આ ગુફાઓ રાજકોટ જિલ્લામાં ઉપલેટા તાલુકાના ઢાંક ગામના ઢંકગિરિ નામના પર્વત પર આવેલી છે. તે ચોથી સદીના પૂર્વાર્ધની હોવાનું જણાય છે.



ઝીંઝુરીઝર

- ઢાંક ગામની પશ્ચિમે 7 કિલોમીટર દૂર સિદસર પાસેની ઝીંઝુરીઝરની ખીણમાં કેટલીક બૌદ્ધ ગુફાઓ આવેલી છે.
- તે ઇ.સ.ની પહેલી અને બીજી સદીની હોય તેમ મનાય છે.



કચ્છની ખાપરા-કોડિયાની ગુફાઓ

- આ ગુફાઓ કચ્છના લખપત તાલુકામાં જૂના પાટગઢ પાસેના પહાડમાં 2 ગુફાઓ આવેલી છે.
- ઇ.સ. 1967માં શ્રી કે. કા. શાસ્ત્રીએ આ ગુફાઓ શોધી કાઢી હતી.



કડિયાડુંગર ગુફા

- ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં કડિયા ડુંગર ઉપર ત્રણ ગુફાઓ આવેલી છે.
- તે બૌદ્ધ ધર્મની પ્રાચીન સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના ગણાય છે.
- આ ગુફાઓ સ્થાપત્યની દૃષ્ટિએ બેનમૂન છે.
- અહીં એક જ પથ્થરમાંથી કંડારેલો 11 ફૂટ ઊંચો એક સિંહસ્તંભ છે.
- સ્તંભના શિરો ભાગે બે શરીરવાળી અને એક મુખવાળી સિંહાકૃતિ છે.



17. રથમંદિરો વિશે માહિતી આપો.


પાંચ પાંડવ રથમંદિર

- પલ્લવ રાજાઓએ દક્ષિણ ભારતમાં તેમના પાટનગર, કાંચી અને મહાબલિપુરમ્‌માં ઘણા રથમંદિરો બંધાવ્યાં હતાં.
- દરેક રથમંદિર એક જ પથ્થરને કોતરીને બનાવવામાં આવ્યાં છે.
- કાંચીનું કૈલાસનાથનું અને વૈંકટપેરૂમલનું મંદિર કલા સ્થાપત્યનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.
- મહાબલિપુરમ્‌નું સાત રથવાળું મંદિર વિશ્વવિખ્યાત છે. આ રથમંદિરોના નામ પાંડવોના નામ પરથી રાખવામાં આવ્યાં છે.
- સૌથી મોટું રથમંદિર ધર્મરાજનું અને નાનું રથમંદિર દ્રૌપદીનું છે.


કૈલાસનાથ મંદિર


કોર્ણાકનું સૂર્યમંદિર


વૈંકટપેરૂમલ મંદિર

18. ગુપ્તકાલીન મંદિર સ્થાપત્યનો પરિચય આપો.


બૃહદેશ્વર મંદિર

- ગુપ્તયુગ દરમિયાન મંદિરોનું નિર્માણ મુખ્યત્વે ઊંચી પીઠિકાઓ પર થયેલું છે.
- તે સીડીઓવાળાં અને શિખરબદ્ધ છે. કેટલાંક મંદિરોનું નિર્માણ સપાટ થયેલું છે.
- ગર્ભગૃહની આસપાસ પ્રદક્ષિણા માર્ગ રાખવામાં આવતો.
- આ પ્રકારની સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના તરીકે જબલપુર પાસે આવેલું ભૂમરાનું શિવમંદિર અને દક્ષિણ ભારતમાં બિજાપુર જિલ્લામાં આવેલું લારખાનનું મંદિર ખૂબ જાણીતાં છે.
- નાલંદા(સુલતાનગંજ)ની ભગવાન બુદ્ધની તામ્રમૂર્તિઓ અને મથુરાના જૈનમંદિરોની પ્રતિમા શિલ્પકલા ક્ષેત્રે અજોડ છે.
- આ સ્થાપત્યોની રચનામાં પલ્લવ રાજાઓનું મોટું યોગદાન છે. પલ્લવોની રાજધાની કાંચીના મંદિરો સુપ્રસિદ્ધ છે.
- ચોલવંશની રાજધાની થંજાવુરમાં રાજા રાજરાજ પ્રથમે બૃહદેશ્વર મંદિર બંધાવ્યું હતું. તે આશરે 200 ફુટ ઊંચું છે. પ્રાચીન ભારતનું તે એક અજોડ મંદિર છે.


ભગવાન બુદ્ધ (સુલતાનગંજ)


ભગવાન બુદ્ધ (મથુરા)


લારખાન મંદિર

19. ગોપુરમ્ સ્થાપત્યનું મહત્વ જણાવો.

- ગોપુરમ્ એટલે મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર.
- દક્ષિણ ભારતમાં પાંડ્ય શાસકોએ અનેક મંદિરો બંધાવ્યાં.
- તેમણે મંદિરોની બહાર ઊંચી દીવાલો તથા ઊંચા અને કલાત્મક દરવાજાઓ બનાવડાવ્યાં. આ દરવાજાઓ 'ગોપુરમ્'ના નામે ઓળખાય છે.
- ગોપુરમ્ એ દક્ષિણ ભારતીય મંદિરસ્થાપત્યની એક વિશિષ્ટતા છે.
- મંદિરને બદલે ગોપુરમ્ની કલાત્મક સુંદરતાનો મહિમા વધી ગયો હતો.
- કાંચી અને મદુરાઇના મંદિરોના ગોપુરમ્ દુરથી જોઇને આજે પણ કલા રસિકો મંત્રમુગ્ધ બની જાય છે.
- મદુરાઇમાં આવેલ મીનાક્ષી મંદિરને ચાર ગોપુરમ્ છે.
- તાંજોરમાં આવેલ બૃહદેશ્વર મંદિરને તેર માળનું ગોપુરમ્ છે.



20. ટૂંક નોંધ લખો : ભારતનાં જૈનમંદિરો (દેરાસરો)

- ભારતમાં અનેક સ્થળોએ જૈનમંદિરો આવેલાં છે.
- બિહારના રાજગૃહ ખાતે વૈભાર, વિપુલાચલ, રત્નગિરિ, ઉદયગિરિ અને શ્રમણગિરિ નામનાં પાંચ જૈનમંદિરો છે.
- બિહારમાં સમેત શિખરજી સિદ્ધક્ષેત્ર જૈન તીર્થધામ છે. તે મધુવન કહેવાય છે.
- અહીં ભગવાન આદિનાથ અને અન્ય 20 તીર્થંકરો નિર્વાણ પામ્યા હતા. અહીં અભિનંદનનાથજી અને પાર્શ્વનાથજીના મંદિરો છે. અહીં ભગવાન મહાવીર પધાર્યા હતા. આ સ્થળે કેટલાક મુનિઓ મોક્ષ પામ્યા હતા.
- ગુજરાતમાં પાલિતાણામાં જૈનમંદિર છે તેમજ શંખેશ્વરમાં પંચાસરા મંદિર છે.
- રાજસ્થાનમાં માઉન્ટ આબુ પર્વત પર દેલવાડાનાં જૈનમંદિરો ઉપરાંત, રાણકપુરનાં જૈનમંદિરો બાંધકામ, કોતરકામ, શિલ્પકામ, કલાકારીગરી વગેરેની દૃષ્ટિએ અદ્ભુત અને બેનમૂન છે.
- ભારતનાં જૈનમંદિરો શિલ્પ-સ્થાપત્યકલાની દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે.


રાણકપુર જૈનમંદિર


સમેત શિખરજી (બિહાર)

21. દેલવાડાનાં જૈનમંદિરો વિશે માહિતી આપો.

- દેલવાડાનાં જૈનમંદિરો રાજસ્થાનમાં આબુ પર્વત પર આવેલાં છે.
- પશ્ચિમ ભારતનાં જૈનમંદિરોમાં આ મંદિરો કલાકારીગરીની દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. આ મંદિરો આજે પણ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.
- તેમાં ગુજરાતના મંત્રી વિમલશાહે બંધાવેલું 'વિમલ-વસહિ' અને બીજા મંત્રી વસ્તુપાળે બંધાવેલું 'લૂણ-વસહિ' મંદિરનો સમાવેશ થાય છે.
- આ મંદિરો આરસપહાણની સૂક્ષ્મ કોતરણી અને શિલ્પકામથી ખૂબ સમૃદ્ધ છે.
- દેલવાડાંના જૈનમંદિરો શિલ્પ-સ્થાપત્યકલાની દૃષ્ટિએ જગતભરની સ્થાપત્યરચનાઓમાં માનભર્યું સ્થાન ધરાવે છે.





22. મોઢેરાના સૂર્યમંદિર વિશે નોંધ લખો.

- મોઢેરાનું સૂર્યમંદિર ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં મોઢેરા ખાતે આવેલું છે.
- તે ઇ.સ. 1026માં ભીમદેવ સોલંકી પ્રથમના શાસનકાળ દરમિયાન બાંધવામાં આવ્યું હતું.
- આ મંદિરનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં છે. તેથી વહેલી સવારે સૂર્ય ઊગે ત્યારે તેનાં કિરણો સીધાં ગર્ભગૃહમાં પ્રવેશીને સૂર્યપ્રતિમાના મુગટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશપુંજથી ઝળહળી ઊઠતું હશે. પરિણામે સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રગટતી હશે.
- આ મંદિરના ગર્ભગૃહની બહાર સૂર્યની 12 વિવિધ મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઇ શકાય છે.
- આ મંદિરનું નકશીકામ ઇરાની શૈલીમાં થયેલું છે.
- સૂર્યમંદિરની બહાર વિશાળ જળકુંડ છે. આ કુંડની ચારે દિશાએ નાનાં-નાનાં કુલ 108 મંદિરો (દેરીઓ) આવેલાં છે. તેમાં સવાર-સાંજ પ્રગટાવવામાં આવતી દીપમાલાને લીધે નયનરમ્ય દૃશ્ય સર્જાય છે.



23. મધ્યકાલીન ભારતીય સ્થાપત્યો વિશે માહિતી આપો.

- મધ્યયુગ દરમિયાન ભારતમાં મસ્જિદો, મિનારા, શાહીમહેલો, પુલો, તળાવો, સરાઇ(ધર્મશાળા) વગેરે અનેક સ્થાપત્યોનું બાંધકામ થયેલું હતું.

દિલ્લીના સુલતાન કુતબુદ્દીન ઐબક

- દિલ્લીમાં 'કુવ્વત-ઉલ્-ઇસ્લામ' અને અજમેરમાં 'ઢાઇ દિન કા ઝોંપડા' નામની મસ્જિદો બંધાવી હતી. તેણે દિલ્લીમાં 'કુતુબમિનાર' નામનો પ્રખ્યાત મિનારો બંધાવ્યો હતો.


કુવ્વત-ઉલ્-ઇસ્લામ


ઢાઇ દિન કા ઝોંપડા

બંગાળ

- બંગાળ પ્રાંતમાં પંડુઆ ખાતે અદીના મસ્જિદ, તાંતીપાડાની મસ્જિદ અને જલાલુદ્દીન મુહમ્મદશાહનો મકબરો વગેરે સ્થાપત્યો બંધાયા હતાં. બંગાળ પ્રાંતમાં સ્થાપત્યની એક અલગ વિશિષ્ટ શૈલી વિકસી હતી.



જલાલુદ્દીન મુહમ્મદશાહનો મકબરો



અદીના મસ્જિદ


તાંતીપાડાની મસ્જિદ

જૌનપુર

- તુર્ક સુલતાનોએ જૌનપુરમાં અટાલા મસ્જિદ બંધાવી હતી. આ મસ્જિદના ગુંબજની આસપાસ સુંદર કલાત્મક જાળી છે. મસ્જિદની દીવાલો અને છત પર કમળ વગેરે વિવિધ ભાતની આકૃતિઓ બનાવવામાં આવી છે.





માળવા

- સુલતાનોની સુરક્ષા હેઠળ માળવામાં વિશિષ્ટ શૈલીમાં અનેક મકબરાઓનું નિર્માણ થયેલું છે. તેના વિશાળ, આકર્ષક ગુંબજો અને બારીઓ અત્યંત નકશીદાર છે. આરસપહાણથી બનાવેલો હોશંગાબાદનો મકબરો ભારતીય શૈલીનો છે.


હોશંગાબાદનો મકબરો

અન્ય પ્રાંતો

- કશ્મીરમાં કંગૂર-બુરજ; બહમની સુલતાનોએ બંધાવેલી બીડર અને ગુલબર્ગાની અનેક ઇમારતો તથા મહમૂદ ગાવાંની મદરેસા તેમજ વિજયનગર સામ્રાજ્યનાં સ્થાપત્યોમાં હમ્પીનાં વિઠ્ઠલસ્વામી અને હજારારામ મંદિરો તથા ગોપુરમ્ અને કલાત્મક નકશીકલાયુક્ત સ્તંભો સુપ્રસિદ્ધ છે.


વિઠ્ઠલસ્વામી મંદિર


હજારારામ મંદિર

24. ગુજરાતની સ્થાપત્યકલાના વિકાસની માહિતી આપો.

- ગુજરાતનાં વિવિધ ધર્મનાં મંદિરો, મસ્જિદો, વિહારો, ચૈત્યો, મઠો, સ્તૂપો, ગુફામંદિરો, જૈન દેરાસરો વગેરે સ્થાપત્યકલાના ઉત્કૃષ્ટ નમૂના છે. ગુજરાતમાં સમાજોપયોગી અનેક પ્રકારના બાંધકામો થયાં છે, જેવાં કે- રાજમહેલો, કિલ્લાઓ, છતરડીઓ, દરવાજાઓ, કીર્તિતોરણો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, વિસામાઓ, ચબુતરા, ઝરૂખાઓ, ઘુમ્મટો, તોરણો, કૂવાઓ, વાવો, સરોવરો, તળાવો, પશુ-પક્ષીઓની આકૃતિઓ વગેરે સ્થાપત્યો સર્વાંગસુંદર અને અતિ ભવ્ય મનાય છે.


સોમનાથ મંદિર


જામા મસ્જિદ


હઠીસિંગના દેરાસર


અડાલજની વાવ

મંદિરો

- ગુજરાતમાં વિવિધ ધર્મનાં અનેક જાણીતાં મંદિરોની રચના થઇ છે. તેમાં અમદાવાદમાં ભદ્રકાળી મંદિર, જગન્નાથ મંદિર, ગીતા મંદિર, વેદ મંદિર; ડાકોરમાં રણછોડરાયજી મંદિર, મોઢેરામાં સૂર્યમંદિર, વડનગરનું હાટકેશ્વર મંદિર, અંબાજીમાં અંબાજી મંદિર, દ્વારકામાં દ્વારકાધીશનું મંદિર, અરવલ્લી જિલ્લામાં શામળાજી મંદિર, ગીરસોમનાથ જિલ્લામાં સોમનાથ મંદિર, બહુચરાજીમાં બહુચરાજી મંદિર, પાવાગઢમાં મહાકાલી મંદિર, ખેડબ્રહ્મામાં બ્રહ્માજી મંદિર, ભાવનગરમાં ખોડિયાર માતાજી મંદિર, કચ્છમાં આશાપુરા માતાનો મઢ, સ્વામિનારાયણ મંદિરો વગેરે મંદિરોનો સમાવેશ થાય છે.

મસ્જિદો

- ઈ.સ. 1424માં સુલતાન અહમદશાહ પહેલાએ અમદાવાદમાં ત્રણ દરવાજા નજીક 260 સ્તંભો અને 15 ગુંબજોવાળી જામા મસ્જિદ બંધાવી હતી. આ ઉપરાંત, અમદાવાદમાં બારીક કોતરણીવાળી સીદી સૈયદની જાળી, 'મસ્જિદે નગીના'ના નામે ઓળખાતી રાણી સિપ્રીની મસ્જિદ, સારંગપુર દરવાજા પાસે ઝૂલતા મિનારા, સરખેજનો રોજો વગેરે સ્થાપત્યો આવેલાં છે.

જૈનમંદિરો (દેરાસરો)

- અમદાવાદમાં હઠીસિંગના દેરાસરો, કુંભારિયાજી, શંખેશ્વરનું પંચાસરા મંદિર, સિદ્ધગિરિ-શેત્રુંજયગિરિ પર ભગવાન આદેશ્વરનું મંદિર વગેરે મંદિરો શિલ્પ-સ્થાપત્ય અને કોતરણીની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ છે.

વાવ

- અડાલજની વાવ, દાદા હરિની વાવ (અમદાવાદ), પાટણની રાણકી (રાણીની) વાવ, ડભોઈની હીરા ભાગોળ વાવ વગેરે ભવ્ય વાવો આવેલી છે.

- આ ઉપરાંત, ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા, નગીનાવાડી અને કાંકરિયા તળાવ (અમદાવાદ), રુદ્રમહાલય (સિદ્ધપુર), સહસ્ત્રલિંગ તળાવ (પાટણ), શામળશાની ચોરી, તાના-રીરી સમાધિ અને કીર્તિતોરણ (વડનગર), મુનસર તળાવ (વિરમગામ) મલાવ તળાવ (ધોળકા) વગેરે ગુજરાતની સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના છે.
- ગુજરાતની શિલ્પ-સ્થાપત્યકલાની કારીગરીએ આજે ગુજરાતને વિશ્વમાં ઘણું ઊંચું સ્થાન અને ગૌરવ અપાવ્યું છે.